* M B K - 0 0 1 - 0 0 1 2 8 7 - 5 0 - 4 *

**MBK-001-001287** Seat No. ________

# B. A. (Sem. II) (CBCS) Examination

**March / April - 2018**

## Gujarati

*(Gujarati Vyakaran, Sarjan - Lerhan Kaushal - II)*

***(ગદ્ય ગુજરાતીના વિકલ્પો : ગુજરાતી વ્યાકરણ સર્જન - લેખન કૌશલ્ય - ૨)***

*(First Subsidiary) (Old Course)*

**Faculty Code : 001**

**Subject Code : 001287**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (૧) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

''માણસને સુધરવું હોય તો સારા વિચારની જરૂર છે, પણ સારા વિચાર ભેગા કરવા કરતાં સારી ચીજો ભેગી કરવાનું હાલના માણસોને મન થાય છે તેથી માયાની અસર લાગે છે. જેટલી ઝડપથી વિજ્ઞાનની શોધો આગળ વધી રહી છે. તેટલી ઝડપથી નીતિ અને સંસ્કાર આગળ વધતાં નથી. હાલના કાળમાં ધર્મની ભાવના ઓછી થયેલ છે. તેથી લક્ષ્ય વગર સાધન ભેગા કરવામાં આવે છે ? લોકો સાધનને ફળ માની બેસે છે. સ્વરાજ સાધન છે. અને બ્રહ્મજ્ઞાન ફળ છે; તેને બદલે સ્વરાજને ફળ માનવામાં આવે છે. અને સાધનમાં મૂડીવાદ અને મજૂરીવાદ માનવામાં આવે છે. જો લોકો સત્ય-અસત્યનો વિચાર ન કરી શકે તો તે એક જાતનું કમભાગ્ય છે.''

**- સ્વામી માધવતીર્થ**

**અથવા**

''પ્રાણી માત્ર તરફ સમભાવ અનુકૂળ ભાવ રાખવો તે અહિંસા મનુષ્ય જ નહીં, પરંતુ પશુપક્ષી, કૃમી કીટકો આદી તમામ જીવો પ્રત્યે એ ભાવના કાયમ રહેવી જોઈએ. આપણા દેશમાં પશુપક્ષીઓને ન મારવાં અને બનતાં સુધી કૃમિ કીટકોને પણ બચાવી લેવા એટલો જ અહિંસાનો અર્થ માનવમાં આવતો હતો કોઈનું ખૂન કરવું એ તો હિસાં છે જ. પરંતુ કોઈ માણસના શ્રમનો અનુચિત લાભ ઉઠાવવો એ પણ હિંસા છે. દુનિયામાં ચાલતી સૌથી મોટી હિંસા એ છે. એમાંથી જ યુદ્ધ વગેરે હિંસાના ભયાનક રૂપો પ્રગટ થાય છે. પોતાના સુખ, આરામ અને ફાયદાને

માટે બીજાના સુખ, આરામ, હિત, પ્રત્યે બેદરકાર બનવું એ છે રોજની હિંસા એનાથી બચવા માટે રોજ પોતાના અંતરને ઢંઢોળીને જોવું જોઈએ કે મેં મારા કોઈ સાથી પ્રત્યે અનુદાર વર્તન તો નથી કર્યું ને ? એને કાચી રોટલી આપીને મેં પોતાને માટે પાકી રોટલી તો નથી લીધીને ? પોતાના પાડોશીને બીમાર જોયા છતાંય તેની સેવાને માટે જવાનું મેં ટાળ્યું તો નથી ને ? આ બધાં હિંસાના લક્ષણ છે ? જેટલા માણસોના સંબંધમાં આપણે આવીએ છીએ તેના પ્રત્યે સ્વભાવથી જ નાજુક ખ્યાલ રાખવો એ અહિંસાનું સાચુ સ્વરૂપ છે.''

**- કાકા કાલેલકર**

૨ નીચેના ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : **૧૪**

''ઘણાં માણસો ભરજુવાનીમાં પણ ડોસાડોસી જેવા હોય છે. એમનો આકાર જુવાન જેવો હોય છે, પણ આત્મા તો જરઠ જ હોય છે. દુનિયા છે તેવી જ બહુ સારી છે. એમ માનનારાં, સો ગળણે ગાળીને પાણી પીનારાં અનેક ઠરેલ, ઠાવકાં જ ગણાતાં જુવાન સ્ત્રી-પુરુષો તત્ત્વતઃ જરઠ જ છે. જગતનો ભાગ આવા નિત્ય જરઠોનો જ બનેલો છે. વ્યવહાર નભે છે. - સંસારના સારામાઠા અંશો જળવાઈ રહે છે. તે એમને જ લીધે. તો કેટલાક મનુષ્યો નિત્ય યુવાન હોય છે દેહ વૃદ્ધ થાય, છતાં એમનો આત્મા તો સદાયે યૌવનથી થનગની રહ્યો હોય છે, એમના જીવનમાં સદા ઉત્સાહ ઉછળતો હોય છે, ને શક્તિ લાવારસની પેઠે ઘૂમાઘૂમ કરી રહી હોય છે. એમની ઇચ્છાશક્તિ અદમ્ય હોય છે ને આદર્શ મહાન હોય છે. જગત જેવું છે તેવું કદી એમને સંતોષ આપી શકતુ નથી. વર્તમાન અપૂર્ણ જગતમાંથી કોઈ પૂર્ણ જગત સરજાવવાની એમની નિત્ય લગની હોય છે. અને જગત જે કંઈ પ્રગતિ કરી શકે છે તે પણ આવા યુવક આત્માઓના યત્નોને લીધે જ. દુનિયામાં જે કંઈ સુધારા થાય છે. તેમાં પ્રેરકબળ આવા યુવાનોનું જ હોય છે.''

**- વિશ્વનાથ ભટ્ટ**

**અથવા**

''નદીને જો કોઈ ઉપમા આપી શકાય તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુકાળની બીક તો રહે જ નહીં. મેઘરાજ દગો દે ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીનો કાંઠો એટલે શુદ્ધ અને શીતલ હવા. નદીને કાંઠે કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય નદી મોટી હોય અને એનો પ્રવાહ ધીર-ગંભીર હોય ત્યારે તો કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય. સાચે જ નદી એ જન સમાજની માતા છે. શહેરમાં શેરીએ શેરીએ ફરતાં હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય ત્યારે આપણને કેટલો આનંદ થાય છે ! શહેરનું મેલું વાતાવરણ કયાં ? અને નદીનું પ્રસન્ન દર્શન કયાં ? તરત જ ફેર જણાઈ આવે છે ? નદી ઈશ્વર નથી પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે. જો ગુરુને વંદન કરવું ઘટે તો નદીને પણ વંદન કરવું ઘટે.''

**- કાકા કાલેલકર**

૩ વિરામ ચિહ્નો એટલે શું ? સમજાવી ગુજરાતી ભાષામાં પ્રયોજવામાં આવતા પૂર્ણવિરામ, અલ્પવિરામ, પ્રશ્નચિહ્ન, અર્ધવિરામ માંથી કોઈ પણ ત્રણ વિશે લખો. **૧૪**

**અથવા**

૩ નીચેના વાક્યોમાં વિરામચિહ્નો મૂકી વાક્યો ફરીથી લખો : (કોઈ પણ **સાત**) **૧૪**

(૧) તેના લોચન રાજીવ કમળ સમાન છે.

(૨) વાહ ધન્ય છે તારી ટેકને

(૩) અહા સૂર્યોદય કેવો આહલાદક છે.

(૪) ગાંધીજીની આત્મકથા સત્યના પ્રયોગો તમે વાંચી છે.

(૫) ભગવાન બુદ્ધ કહે છે અહિંસા પરમ ધર્મ છે.

(૬) મુંજાલ તું જાણે છે હું ગુજરાતની રાજમાતા છું.

(૭) દશરથ રાજાને ત્રણ રાણી કૌશલ્યા સુમિત્રા અને કૈકેયી

(૮) મોનાએ કહ્યું સર એ ઉત્તરવહી મારી પાસે નથી.

(૯) ઓ કાનજી આટલા દાડા સુધીતું ચ્યાં ગ્યો તો

(૧૦) મેના રડી પડતી વાહ રે પિતા શી તટસ્થતા

૪ નીચેના આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી વાક્ય બનાવો : (કોઈ પણ **સાત**) **૧૪**

(૧) તોલે નો આવવું

(૨) બે પાંદડે થવું

(૩) માથે લેવું

(૪) તારાજ થઈ જવું

(૫) પરવારી જવું

(૬) હિજરત કરી જવું

(૭) પાટે ચઢી જવું

(૮) તાશીર ફેરવવી

(૯) કંઈ ન વળવું

(૧૦) દેવ જાગી જવા

**અથવા**

૪ નીચે આપેલી કહેવતોના અર્થ સમજાવો : (કોઈ પણ **સાત**) **૧૪**

(૧) દુકાળમાં અધિક માસ

(૨) પારકી માં જ કાન વીંધે

(૩) ઘેરઘેર માટીના ચૂલા

(૪) પાણી પહેલા પાળ બાંધવી

(૫) બાંધી મૂઠી લાખની

(૬) ભાવતું હતું ને વૈદે કહ્યું

(૭) વાછડો ખીલાના જોરે કૂદે

(૮) ઝાઝા હાથ રળિયામણા

(૯) ઉજ્જડ ગામમાં બાજે ઢોલ

(૧૦) મોરનાં ઈંડાંને ચીંતરવાં ન પડે

**૫** સમાસ એટલે શું ? તે સમજાવી (કોઈ પણ **ત્રણ**) સમાસ વિશે લખો : **૧૪**
(દ્વન્દ્વ, કર્મધારય, તત્પુરુષ, બહુવ્રિહિ)

**અથવા**

**૫** નીચેનામાંથી કોઈ પણ **સાત** સમાસનો વિગ્રહ કરી ઓળખાવો. **૧૪**

(૧) ભરપેટ

(૨) માયાજાળ

(૩) પાવન સુંદર

(૪) સેવાપૂજા

(૫) પંકજ

(૬) શુભાશુભ

(૭) ચંદનડાળ

(૮) દુઃખદ

(૯) દશાનન

(૧૦) કર્ણપ્રિય